
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આપણો દેશ વિશાળ છે અને અમારો પક્ષ પણ, અને જલ્દી કોઈ નવું વિવાદીત સ્થળ શોધી કાઢીશું...!!




સેક્ટર-૩-બી ખાતે ઈદે મિલાદનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોહમ્મદ પયગમ્બર સાહેબના જન્મદિને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉમટી પડયા હતા.

# ૧૯૦૦ કરોડના રોકાણ સાથે વિશ્વનું પ્રથમ સીએનજી પોર્ટ ટર્મિનલ સ્થાપનારૂ ગુજરાત પ્રથમ રાજય બનશે

## ભાવનગર બંદરે નિર્માણ થનાર આ ટર્મિનલથી ભાવનગર ફરી વિશ્વના નકશા ઉપર અંકીત થશે : મુખ્યમંત્રીએ આપી મંજૂરી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વૈશ્વિક વિકાસનો એક નવો કીર્તિમાન પ્રસ્થાપિત કરવાની નેમ સાથે મહત્વાકાંક્ષી અને દુનિયાના સર્વપ્રથમ એવા સી.એન.જી. ટર્મિનલની ભાવનગર બંદર પર સ્થાપનાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આ પ્રોજેકટની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, યુ. કે. સ્થિત ફોરસાઈટ જુથ અને મુંબઈ સ્થિત પદમનાભ મફતલાલ ગૃપના સહયોગમાં ૧૯૦૦ કરોડના મૂડી રોકાણથી સી.એન.જી. (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) પોર્ટ ટર્મિનલ ભાવનગર બંદરે નિર્માણ પામશે.

મુખ્યમંત્રીએ જી.આઈ.ડી.બી.ના અધ્યક્ષ તરીકે આ દરખાસ્તને ગુજરાત સરકાર તેમજ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડની મંજૂરી આપી છે.

વિશ્વના સૌ પ્રથમ આ સી.એન.જી. ટર્મિનલની સી.એન.જી.ની ક્ષમતા વાર્ષિક ૧.૫ મિલીયન મેટ્રીક ટનની હશે.

આ સી.એન.જી. ટર્મિનલ સ્થાપવા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને લંડન સ્થિત ફોરસાઈટ ગૃપ વચ્ચે ૨૦૧૯ની વાયબ્રન્ટ ગુજરાત સમીટ દરમિયાન એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં હાલ બે એલ.એન.જી. ટર્મિનલ દહેજ અને હજીરામાં કાર્યરત છે. હવે આ પ્રથમ સી.એન.જી. ટર્મિનલની મંજુરીને પરિણામે ગુજરાત એલ.એન.જી. અને સી.એન.જી. બંને માટેના ટર્મિનલ ધરાવતું દેશનું એકમાત્ર રાજય હોવાનું ગૌરવ પણ મેળવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, હાલ ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તક ભાવનગર બંદરનું સંચાલન છે અને વાર્ષિક ૩ મિલિયન મેટ્રીક ટન કાર્ગોનું પરિવહન થાય છે.

# શહેરમાંથી પસાર થતા જોખમી બાઈકચાલક





ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ઝોખમી રીતે વાહન હંકારવુ એ સામાન્ય બાબત થઈ ગઈ છે. નગરજનો ખુદ જાગૃત નહી થાય ત્યાં સુધી કોઈ નક્કર પરિણામ મળશે નહી. ટ્રાફિકના નવા નિયમોના અમલીકરણની વચ્ચે માથે હેલમેટ પહેરી બેફામ રીતે ઈ-મેમાની પરવા કર્યા વિના ચ-૩ સર્કલ પાસેથી કોઈ પણ જાતના ડર વગર પસાર થઈ રહ્યા છે. આ બાઈક પર સિલીન્ડર લઈને જતા નાગરીક પોતાનો જીવ તો જોખમમાં મુકે છે, સાથે સાથે અન્ય વાહનો લઈને પસાર થતા નાગરીકોના જીવ પણ મુશ્કેલીમાં મુકી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગ પરથી ગેસ સિલીન્ડર સાથે પસાર થઈ રહેલા નાગરીક બિંદાસ રીતે બાઈક હંકારી રહ્યા છે. ત્યારે આ સમયે આ ભાઈ થકી કોઈ ઘટના બને તો અન્ય રાહદારી કે વાહનચાલકોનો શુ વાંક ? તેમજ આ ઘટના અંગે જવાબદાર કોણ ? ત્યારે પોલીસે આવા ઝોખમી રીતે નગરમાં વાહન હંકારતા ચાલકો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે.

# ચિલોડા મોટા ગામે તુલસીવિવાહ કાર્યક્રમ ધામધૂમપૂર્વક યોજાયો



ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના રામજી મંદિરના પટાંગણમાં દર વર્ષની પરંપરા મુજબ કારતક સુદ-૧૩ રવિવારના રોજ શ્રીકૃષ્ણ મહિલામંડળ તથા જનક મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે તુલસીવિવાહનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગામના શાસ્ત્રીજી મહારાજ રાજેન્દ્રભાઈ રાવલ તથા યક્ષેન્દ્રકુમાર રાવલ દ્વારા ગણેશ સ્થાપન, મંડપ મુહૂર્ત, ચાંલ્લાવિધિ, મામેરૂ, પહેરામણી, લગ્નવિધિ, મહાઆરતી, કન્યાવિદાય વગેરે તુલસી વિવાહનો ધામધૂમ-ઉમંગભેર પ્રસંગ યોજાયો હતો.

આ પ્રસંગે શ્રી લાલજી ભગવાનનો ભવ્ય વરઘોડો પુનમ બંગ્લોઝ, જગદીશભાઈ પટેલના નિવાસસ્થાનેથી વાજતેગાજતે જાન રામજી મંદિરે લગ્નસ્થળે આવી પહોંચી હતી. આ પ્રસંગે લાલજી ભગવાનના માતા-પિતા તરીકે રેણુકાબેન જગદીશભાઈ પટેલ, મામા-મામી તરીકે પાર્વતીબેન નાથુભાઈ દરજી, તુલસીના માતા-પિતા તરીકે નિરાલીબેન દિનેશભાઈ પટેલ, મામા-મામી તરીકે કમળાબેન હીરાભાઈ પટેલે શોભાવૃદ્ધિ કરી હતી. આ પ્રસંગે સમગ્ર ગામના ભાવિક ભક્તજનો હાજર રહી દર્શનનો લાભ લઈ ધાર્મિક દાન કરી ધન્યતા અનુભવી હતી.

# સે-૨૧ પોલીસે અડચણરૂપ લારી-ગલ્લાના દબાણો દૂર કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં લારી-ગલ્લાધારકોએ દબાણનો અજગરી ભરડો લીધો છે. હવે નગરમાં લારી-ગલ્લા ટ્રાફિક સમસ્યા માટે પણ અડચણરૂપ બની રહ્યા છે. ત્યારે સેક્ટર-૨૧ પોલીસે અડચણરૂપ લારી-ગલ્લા ધારકો સામે લાલ આંખ કરતા દબાણકારોમાં ભય ફેલાઈ ગયો છે. પોલીસે દબાણ હટાવી ફરિયાદ નોંધતા વેપારીઓ હચમચી ગયા છે. ત્યારે પ્રાપ્ત માહિતી મજુબ શહેરના ક-૭ થી ખ-૭ સર્કલ આસપાસ ચા-નાસ્તાની લારીઓના દબાણો ખુબ મોટા પ્રમાણમાં વધી ગયા હતા. મોડી રાત સુધી ધમધમતી ચા-નાસ્તાની લારીઓ અસામાજીક તત્વો માટે આર્શિવાદરૂપ બની ગઈ હતી. જેથી સેક્ટર-૨૧ પોલીસે ક-૭ થી ખ-૭ ના સર્કલ પાસેથી કુલ ૮ જેટલા લારી-ગલ્લાના દબાણ દૂર કર્યા છે. પોલીસે ચહેર ટી સ્ટોલ સહિત ચા ની ત્રણ લારીઓ, જય પાર્લર, ભૈરવનાથની લારી, આઈસ્કીમની બે લારી, બે ઈંડાની લારી, મહાલક્ષ્મી વડાપાવના માલિકો સામે ટ્રાફિકને અડચણરૂપ ઉભા રહેવા અંગે ગુનો નોંધ્યો છે. પોલીસે લારી-ગલ્લાના દબાણો પર તવાઈ બોલાવતા વેપારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો છે. પોલીસની કામગીરીને લઈ અન્ય લારી-ગલ્લા ધારકો પણ પોતાના વેપાર-ધંધા બંધ કરી લારીઓ લઈ અદશ્ય થઈ ગયા હતા.

# અચાનક બદલાઈ જતા સમયમાં સંશોધન એકમાત્ર ઉપાય : ક્રિસ ગોપાલકૃષ્ણન

ગાંધીનગર, તા. ૧૦

"ખૂબ ઝડપથી અથવા અચાનક આવી જતા ફેરફારોના સમયમાં આપણે જીવી રહ્યાં છે જેને ખાળવા માટે સંશોધન એકમાત્ર ઉપાય છે, આપણે આપણી ક્ષમતાઓનું નિર્માણ સંશોધનમાં રોકાણ થકી કરવું પડશે અને સતત નવીનીકરણને અપનાવતા રહેવું તે દરેક ઉદ્યોગ-વ્યવસાયના ડીએનએનો ભાગ હોવુ આ તબક્કે જરૂરી બન્યું છે" આ શબ્દો છે ઈન્ફોસીસના સહ સંસ્થાપક તથા આઈઆઈટી ગાંધીનગરની ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશિપ સેન્ટરની સલાહકાર સમિતિના અધ્યક્ષ ક્રિસ ગોપાલકૃષ્ણનના. જેઓ ઈન્ડસ્ટ્રી કોન્કલેવની બીજી આવૃતિ "કનેક્શન-૨૦૧૯"માં ઉદ્યોગ-શૈક્ષણિક ભાગીદારીના નવા આયામો અંગે વાત કરી રહ્યાં હતા.

"કનેકશન-૨૦૧૯"માં દેશના વિવિધ ક્ષેત્રના ૫૦ થી વધુ ઉદ્યોગોએ ભાગ લીધો હતો જેમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ કોન્કલેવમાં ઝાયડસ, ટાટા મોટર્સ, ટાટા કેમિકલ્સ, હિલ્ટી, હનીવેલ, આદિત્ય બિરલા, ફોર્બ્સ માર્શલ, ઓપ્ટિ.માઈઝડ ઓક્યુશન્સ, આઈટીસી જેવી અનેક પ્રતિષ્ઠિત કંપનીઓ ઉપસ્થિત




રહી હતી.

કાર્યક્રમના પ્રારંભે આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધિર જૈને સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે "આઈઆઈટીની સ્થાપનામાં સૌથી પહેલા વિદ્યાર્થીઓ તે સાથે સંશોધન અને સામાજીક અંતઃકરણને મહત્વ આપવામાં આવ્યું છે." પોતાના વક્તવ્યમાં ક્રિસ ગોપાલકૃષ્ણનને કોન્કલેવમાં ભાગ લેનારાઓને સલાહ આપી હતી કે તેમના ઉત્પાદનો અને છેલ્લાં ત્રણથી પાંચ વર્ષમાં તેનાથી થતી આવકના મેટ્રિક્સનું સતત મૂલ્યાંકન કરે, લક્ષ્યાંક નક્કી કરે અને પછી લાંબા ગાળાની અસર માટે ભવિષ્યનો વિચાર કરીને કામ કરે. તેમણે આઈઆઈટી ગાંધીનગરના રિસર્ચ પાર્ક શૈક્ષણિક અને સંશોધન સંસ્થા સાથે મળીને કામ કરવા જે અદ્ભૂત મિકેનિઝમ અને સ્ટાર્ટ-અપ્સ માટે ખૂબ સારી ઈકોસિસ્ટમ પ્રદાન કરે છે તેની પ્રસંશા કરી હતી. કોન્કલેવમાં આઈઆઈટી ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ ઉપસ્થિત રહી પોતાના અનુભવો શેર કર્યા હતા તેમજ સમાંતર સત્રમાં ઈન્ડિયન એંજલ નેટવર્કના સીઓઓ દિગ્વિજય સિંઘનું ઓપન હાઉસ પણ યોજાયું હતુ.

# રાજ્યના ચીફ સેક્રેટરી કક્ષાના પાંચ સહિત ૧૯ આઈએએસ ઓફિસરો ૨૦૨૦માં વયનિવૃત્ત થશે

ગુજરાત સરકારમાં સનદી અધિકારીઓનો વધુ એક મોટો સમૂહ ૨૦૨૦ના વર્ષમાં વયનિવૃત્ત થવાનો છે. રાજ્યના કુલ ૧૯ આઈએએસ અધિકારીઓ પૈકી પાંચ અધિકારીઓ રાજ્યના ચીફ સેક્રેટરી પદ માટેના દાવેદાર છે. નવેમ્બરના અંતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજ્યના વહીવટી તંત્રના વડાની પસંદગી કરશે ત્યારે તેઓ એવું પણ ધ્યાન રાખશે કે એક જ વર્ષમાં કેટલા અધિકારીઓ નિવૃત્ત થશે. ચીફ સેક્રેટરી પદ માટે જેમના નામ ચાલી રહ્યાં છે તેમાં એપ્રિલમાં નિવૃત્ત થતાં અરવિંદ અગ્રવાલ અને અતનુ ચક્રવર્તી છે. ઓગષ્ટ મહિનામાં અનિલ મુકીમ, જુલાઈમાં પુનમચંદ પરમાર તેમજ ઓક્ટોબરમાં સંગીતાસિંઘ નિવૃત્ત થશે. એ ઉપરાંત જેઓ ચીફ સેક્રેટરીની રેસમાં નથી તેવા અધિકારીઓ પૈકી ફેબ્રુઆરીમાં ડીએન પાંડે, માર્ચમાં સીપી નેમા, મે મહિનામાં કેડી કાપડિયા, જૂનમાં એસએમ ખટાણા, સીઆર ખરસાણ, જુલાઈમાં એમએસ પટેલ, પીએલ સોલંકી, સપ્ટેમ્બરમાં આરબી રાજ્યગુરૂ, પીડી વાઘેલા, જેઆર ડોડિયા, ઓક્ટોબરમાં એસએમ પટેલ, એજે શાહ, નવેમ્બરમાં અનુરાધા મલ્લ અને ડિસેમ્બરમાં સીજે પટેલ વય નિવૃત્ત થશે.

**૧.૫૦ લાખ કરોડના પાંચ પ્રોજેક્ટસમાં વિલંબ...**

ગુજરાતમાં મહત્વના અને નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા પાંચ પ્રોજેક્ટ વિલંબથી ચાલી રહ્યાં છે. પહેલો પ્રોજેક્ટ અમદાવાદની મેટ્રોરેલનો છે જેમાં ધીમી ગતિની પ્રક્રિયા હોવાથી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૂચનાઓ આપવી પડી છે. આ પ્રોજેક્ટ ૨૦૨૦માં પૂર્ણ થાય તે જોવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. બીજો પ્રોજેક્ટ ગાંધીનગરના રેલવે સ્ટેશન તેમજ તેની ઉપર બની રહેલી ફાઈવસ્ટાર હોટલનો છે. આ પ્રોજેક્ટમાં પણ વિલંબ થયો છે. હવે આ પ્રોજેક્ટને પણ ૨૦૨૦માં પૂરો કરવા રેલવે મંત્રાલય અને તેની બનાવેલી કંપનીને કહેવાયું છે. ત્રીજો પ્રોજેક્ટ બુલેટ ટ્રેનનો છે. આ પ્રોજેક્ટ ૨૦૨૩માં પૂર્ણ કરવા કેન્દ્ર સરકારે કહ્યું છે. અમદાવાદની જેમ ગાંધીનગર અને સુરતને મેટ્રોરેલ આપવા માટેના પ્રોજેક્ટમાં પણ ભારે વિલંબ થયો છે. ગાંધીનગર મેટ્રોરેલને અમદાવાદની મેટ્રોરેલનો બીજો તબક્કો કહેવામાં આવે છે. આ પાંચ પ્રોજેક્ટમાં કુલ મૂડીરોકાણ ૧૪૧૬૦૦ કરોડના છે. બે પ્રોજેક્ટ – અમદાવાદની મેટ્રોરેલ અને બુલેટ ટ્રેનમાં તો વિદેશી સરકારોની લોનનો લાભ લેવામાં આવી રહ્યો છે જ્યારે સુરતની મેટ્રો માટે જર્મની, જાપાન અને ફ્રાન્સ પાસેથી સહાય માગવામાં આવી છે. લોન મળે છે પરંતુ કામગીરી ધીમી હોવાથી કેન્દ્ર અને રાજ્ય સરકાર નારાજ હોવાનું સામે આવ્યું છે પરિણામે મુખ્યમંત્રીને અવાર નવાર સમીક્ષા બેઠક કરવી પડે છે.

## કોંગ્રેસને રાહુલના સોફ્ટ નહીં પણ કટ્ટર હિન્દુત્વની જરૂર, નહીં તો ૨૦૨૪માં સ્કોર ઝિરો

## ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

**અયોધ્યાનો અધ્યાય સમાપ્ત, હવે નવા મુદ્દા...**

કહેવાય છે કે લમ્હોને ખતા કી, સદિયોં ને સજા પાઈ... અયોધ્યાનો વિવાદ ૫૦૦ વર્ષ જૂનો છે. ભગવાન રામ જન્મભૂમિ અને બાબરી મસ્જીદ વિવાદ અંગે આ પંક્તિઓ વારંવાર દોહરાવવામાં આવે છે. આઝાદી પહેલાં મોગલ સમ્રાટ અને અંગ્રેજોએ તેમજ આઝાદી પછી આપણા રાજનેતાઓએ અયોધ્યા વિવાદની ચિનગારી ભડકાવવામાં કોઈ મોકો છોડ્યો નથી. ભાજપે જ્યારે ચૂંટણી ઢંઢેરો બનાવ્યો ત્યારે અયોધ્યામાં રામમંદિર બનાવવાનો વાયદો કર્યો છે. કોંગ્રેસના નેતાઓ પણ સમયે આવ્યે અયોધ્યા વિવાદમાં સિયાસત કરવામાં પાછળ રહ્યાં નથી. દેશના સૌથી વધુ ચર્ચાસ્પદ અને સંવેદનશીલ રામ જન્મભૂમિની જમીનનો વિવાદ સુપ્રીમ કોર્ટે ઉકેલી મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. આ ચૂકાદાને કારણે વિવાદીત જમીન પર રામમંદિર બનશે અને શિયા વકફ બોર્ડને અયોધ્યામાં પાંચ એકર જમીન અપાશે. સૌથી ખરાબ ઘટના ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨માં બની હતી જેમાં હિન્દુ સંગઠનોએ ભીડ એકત્ર કરી બાબરી મસ્જીદને તોડી નાંખી હતી, પરિણામે દેશમાં કોમી તોફાનો ફાટી નિકળ્યા હતા અને ૨૦૦૦ લોકોના મોત થયાં હતા. સુપ્રીમના ચૂકાદા પછી રામમંદિરનો મુદ્દો લગભગ પૂર્ણ થયો છે, હવે રાજકીય પાર્ટીઓ ચૂંટણીમાં નવા મુદ્દાની શોધ કરી રહ્યાં છે. જો કે કેન્દ્રની મોદી સરકાર કોમન સિવિલ કોડ અને પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર એટલે કે પીઓકે ના મુદ્દે આગામી ચૂંટણીઓ લડે તેવી સંભાવના છે.

**ગુજરાત ભાજપમાં મોટો બદલાવ નિશ્ચિત છે...**

ગુજરાતમાં પાછલા મહિનામાં થયેલી છ બેઠકોની પેટાચૂંટણીમાં કોંગ્રેસને ફાળે ત્રણ બેઠકો આવતાં ભાજપની છાવણીમાં સોંપો પડેલો છે. ચૂંટણીમાં હારની કળ હજી વળી નથી ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના રાજકારણથી નારાજ છે. સરકારના નિકટના સૂત્રો કહે છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પદ પરથી હટાવી દૂર કરવાની અફવાઓ સચિવાલયમાં વહેતી થઈ છે પરંતુ તે બૂમરેંગ સાબિત થવાની છે, કેમ કે કેન્દ્રીય મોવડીમંડળ મુખ્યમંત્રી બદલશે નહીં પરંતુ સરકારમાં મોટા ફેરફારો કરાવી શકે છે. બીજી તરફ ગુજરાતના પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ પર મોદી અને અમિત શાહનો ખોફ ઉતરી આવે તેમ છે. એટલે કે આ બન્ને વરિષ્ઠ નેતાઓ હાલના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને પાર્ટીના સંગઠનમાં બદલાવ કરશે. આ બન્ને નેતાઓએ નવા પ્રદેશ પ્રમુખની શોધ શરૂ કરી દીધી છે. પાર્ટીના સૂત્રો કહે છે કે નવા પ્રમુખ ઓબીસી અથવા તો પટેલ સમુદાયમાંથી આવશે. પ્રમુખપદ માટે જે નામોની વિચારણા છે તેમાં સંગઠનમાંથી ત્રણ અને સરકારમાંથી બે નામ સામે આવ્યા છે. ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ નવેમ્બર-ડિસેમ્બરમાં મળશે.

## બીજેપીના પ્રમુખ માટે પાર્ટીએ બે નામ સંગઠનમાંથી, બે નામ સરકારમાંથી શોધ્યાં છે

**સત્તા નથી પરંતુ કાર્યકર પ્રત્યેક ગામડામાં છે...**

ગુજરાતમાં કોંગ્રેસને સંપૂર્ણ સત્તા ૧૯૮૫ થી ૧૯૯૦માં મળી હતી ત્યારપછી ચીમનભાઈ પટેલની ગઠબંધન સરકારના દોઢ-બે વર્ષને બાદ કરતાં કોંગ્રેસને સત્તામાં બેસવાનો વારો આવ્યો નથી. એવું કહી શકાય કે કોંગ્રેસ છેલ્લા ૨૯ વર્ષથી સત્તામાં નથી. રાજ્યમાં મતદારોની નવી પેઢીએ કોંગ્રેસનું શાસન ગુજરાતમાં જોયું નથી તેમ છતાં એક બાબતનો ઈન્કાર થઈ શકે તેમ નથી કે કોંગ્રેસનું સંગઠન આજેપણ આખા ગુજરાતમાં ફેલાયેલું છે. આટલા વર્ષોમાં કોંગ્રેસ સત્તાથી બહાર છે પરંતુ આજેપણ રાજ્યના પ્રત્યેક ગામ અને મહોલ્લામાં કોંગ્રેસનો કાર્યકર્તા મોજૂદ છે. સમસ્યા એવી છે કે પાર્ટીમાં તેમને પૂછનાર કોઈ નેતા નથી. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ કાર્યકરોને માત્ર ચૂંટણી સમયે યાદ કરે છે. કોંગ્રેસે છેલ્લા ૧૫ વર્ષમાં પાર્ટીના કાર્યકરોનું સંમેલન બોલાવ્યું હોય તેવું સાંભળવામાં આવ્યું નથી. ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી અને કોંગ્રેસ દિન પ્રસંગે પાર્ટીનો કાર્યકર્તા ગાંધી ટોપી પહેરી હાથમાં ત્રિરંગો લઈને જોવામાં આવે છે. કોંગ્રેસના નેતાઓ તેમને જોઈને ખુશ થાય છે પરંતુ પછી ભૂલી જાય છે.

**કોંગ્રેસે હવે સંપૂર્ણ હિન્દુત્વનો ઝંડો લેવો પડશે...**

ભારતનું રાજકારણ બદલાયું છે. આ બદલાવના પ્રણેતા એકમાત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. વોટબેન્કની રાજનીતિ તેમણે સમાપ્ત કરી છે. કોંગ્રેસ હજી પણ તેની જૂની પુરાણી સિસ્ટમમાંથી બહાર નહીં આવે તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી સમયે દેશમાં માત્ર એક જ પાર્ટીની સરકાર હશે. મોદી કે ભાજપ જે બોલશે તે પરિણામ આવશે. પ્રમુખશાહીથી બચવા માટે લોકશાહીમાં વિપક્ષ મજબૂત હોવો જોઈશે. આ મજબૂતી માટે કોંગ્રેસના એક સિનિયર નેતાએ ખૂબ જ ઉત્તમ જવાબ આપ્યો છે. તેમણે કોંગ્રેસના મોટાગજાના નેતાઓની આંખો ખોલવા કહ્યું કે – "જો હાલની સ્થિતિ રહી તો ૨૦૨૪માં કોંગ્રેસ લોકસભા અને વિધાનસભામાં શૂન્ય પ્રતિનિધિત્વ કરતી હશે પરંતુ જો કોંગ્રેસનો ચહેરો બદલવો હોય અને સફળતા મેળવવી હોય તો પાર્ટીએ પ્રખર હિન્દુત્વનો ઝંડો ફેલાવવો પડશે, કેમ કે ભારત દેશમાં હિન્દુઓની વસતીનું પ્રમાણ સૌથી વધુ છે. નરેન્દ્ર મોદી અને ભાજપ સામે ટક્કર લેવી હશે તો કોંગ્રેસે રાહુલ ગાંધીનું સોફ્ટ હિન્દુત્વ નહીં પણ કટ્ટર હિન્દુત્વ પસંદ કરી ન્યૂ ઈન્ડિયામાં નવી દિશા ખોલવી પડશે." બદનસીબે કોંગ્રેસ આ ગાડી ચૂકી ગઈ છે, કારણ કે જો મહારાષ્ટ્રમાં સરકાર રચવા માટે કોંગ્રેસ અને એનસીપીએ શિવસેનાને ટેકો આપ્યો હોત અને એવું વચન આપ્યું હોત કે પાંચ વર્ષ સુધી રાજ કરો, અમે તમારી પડખે છીએ – આ કમિટમેન્ટ કોંગ્રેસને ફાસ્ટ ગતિમાં હિન્દુત્વ તરીકે દોરી જાય તેમ હતું. મહારાષ્ટ્ર કોંગ્રેસના ધારાસભ્યોની ઈચ્છાનો ઈન્કાર કરીને સોનિયા ગાંધી આ મોકો ચૂક્યાં છે.

## ૨૯ વર્ષથી કોંગ્રેસ સત્તામાં આવી નથી પરંતુ તેનો કાર્યકર દરેક ગામમાં મોજૂદ છે